# :: પરિપત્ર ::

વિષયઃ– ૧. નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર ખાતે આવેલ સી કેટેગરી બ્લોક નં ૨ મકાન નં ૧૩ થી ૨૪ ખાલી કરવા બાબત..

૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર ખાતે આવેલ સી કેટેગરી માં રહેતા તમામ કર્મચારીઓના જાણવાજોગ માહિતી.

**વંચાણમાં :** અત્રેની કચેરીના યુનિવર્સિટીની વેબ સાઈટ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ પરિપત્ર નં બી–૪/૨૮૫૦–૫૨/૨૦૨૦, તા. ૨૪.૦૩.૨૦૨૦

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર ખાતે સી કેટેગરીના તમામ રહેણાંકના મકાનોમાં અગ્રતાક્રમ મુજબ / અગ્રતાક્રમ સિવાય [સી કેટેગરીની યોગ્યતાના ધારાધોરણ માં ફેરફાર (કેટેગરી કરતા ઉચુ અથવા નીચું)] મેળવીને રહેતા તમામ કર્મચારીઓને સુચિત / જાણ કરવામાં આવે છે કે, વંચાણમાં લીધેલ પરિપત્રને યુનિવર્સિટીની વેબ સાઈટ ઉપર પ્રકાશિત કરી અત્રેના મુખ્ય કેન્દ્ર ખાતે આવેલ સી કેટેગરી બ્લોક નં ૨ મકાન નં ૧૩ થી ૨૪ માં રહેતા કર્મચારીઓને આ મકાન સ્ટ્રકચરલ ચકાસણી મુજબ ભયજનક અને રહેણાંક લાયક ન હોવાથી સત્વરે ખાલી કરવા જણાવેલ હતું. આમ છતાં આ બ્લોકમાં મોટા ભાગના કર્મચારીઓએ તેમને ફાળવેલ ફલેટસ / મકાન હજી સુધી ખાલી કરેલ નથી. આ તમામ કર્મચારીઓને અત્રેથી વખતો વખત મકાન ખાલી કરવા નોટિશો આપેલ છે. આ બાબતે તા. ૧૧.૦૬.૨૦૨૦ ના રોજ મળેલ ૨૩મી મકાન ફાળવણી સમિતીના મુદદા નં ૨૩:૧૯ માં લેવામાં આવેલ નિર્ણય મુજબ ઉપરોકત વિગતો મુજબ ની હાથ ધરેલ કાર્યવાહીને ગ્રાહય રાખી આ મકાન તોડી નાંખવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ છે. તદઉપરાંત આ મકાનમાં રહેતા તમામ કર્મચારીઓને સત્વરે મકાન ખાલી કરવા માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ છે.

૧. આ બ્લોકમાં જે કર્મચારીઓ રહે છે તે પૈકી જે કર્મચારીઓને સી કેટેગરીની યોગ્યતાના ધારાધોરણ માં ફેરફાર (કેટેગરી કરતા ઉચુ અથવા નીચું) કરી ને તેઓને મકાન ફાળવેલ છે, તેમની મુળ અરજીમાં તેમની યોગ્યતા મુજબની કેટેગરીનું મકાન જો હાલ ખાલી હોય તો તેમને ઉપલબ્ધતા મુજબ ફાળવવાનું રહેશે અન્યથા આવા કર્મચારીઓએ આ મકાન સત્વરે ખાલી કરી તેમની રહેવાની વ્યવસ્થા કેમ્પસ બહાર પોતાની રીતે કરવાની રહેશે.

૨. આ બ્લોકમાં જે કર્મચારીઓ રહે છે તે પૈકી જે કર્મચારીઓને સી કેટેગરીની યોગ્યતા મુજબ તેઓને મકાન ફાળવેલ છે, તેઓને સી કેટેગરીના અન્ય ખાલી મકાનો ફાળવવાના રહેશે અને આ મકાનો રીપેર કરવાના થતા હોય તો તાત્કાલીક રીપેર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. પરંતુ જો પુરતા પ્રમાણમાં સી કેટેગરીના ખાલી મકાનો ન હોય તો સી કેટેગરીના આ બ્લોક સિવાય સી કેટેગરીના અન્ય બે બ્લોક તેમજ અન્ય સી કેટેગરીના મકાનોમાં જે કર્મચારીઓને સી કેટેગરીની યોગ્યતાના ધારાધોરણ માં ફેરફાર (કેટેગરી કરતા ઉચુ અથવા નીચું) કરી ને તેઓને મકાન ફાળવેલ છે, તેમને આ મકાન ખાલી કરવાની નોટિશ આપી તેમની પાસે મકાન ખાલી કરાવી સી કેટેગરીની યોગ્યતા ધરાવતા સી કેટેગરીના(મકાન નં ૧૩ થી ૨૪) ના જે કર્મચારીઓ બાકી રહી ગયા

હશે તેમને આ મકાન ફાળવવામાં આવશે. અને કેટેગરી બહાર મકાન ફાળવેલ જે કર્મચારીઓને મકાન ખાલી કરવાની નોટિશ આપવામાં આવેલી છે તે કર્મચારીઓને તેમની મુળ અરજીમાં તેમની યોગ્યતા મુજબની કેટેગરીનું મકાન જો હાલ ખાલી હોય તો તેમને ઉપલબ્ધતા મુજબ ફાળવવાનું રહેશે અન્યથા આવા કર્મચારીઓએ આ મકાન સત્વરે ખાલી કરી તેમની રહેવાની વ્યવસ્થા કેમ્પસ બહાર પોતાની રીતે કરવાની રહેશે.

૩. સી કેટેગરીના(મકાન નં ૧૩ થી ૨૪) તમામ રહીશો એ તેમને ફાળવેલ મકાન તાત્કાલીક ખાલી કરવાનું થાય છે, જેથી ઉપરોકત બે મુદદામાં જણાવ્યા મુજબ જણાવેલ કાર્યવાહીમાં જે કંઈ સમય લાગે તે દરમ્યાન આ તમામ રહીશોએ યુનિવર્સિટી બહાર પોતાની રહેવાની વ્યવસ્થા કરી લેવાની રહેશે.

૪.ઉપરોકત તમામ કાર્યવાહી દરમ્યાન કુદરતી કારણોસર અથવા આ મકાનની મુદા નોંધમાં જણાવ્યા મુજબ અસ્થાયી સ્ટ્રકચરલ સ્ટેબિલીટી/ ભયજનક સ્થિતીના લીધે થનાર કોઈ અકસ્માતથી થનાર માનવ જાનહાની, તમામ પ્રકારની ઈજાઓ, સ્થાવર, જંગમ મિલકતનું નુકશાન માટે આ બ્લોકમાં રહેતા જે તે મકાનના રહીશ ની વ્યકિતગત અને અંગત જવાબદારી રહેશે.

ઉપરોકત પરિપત્ર માનનીય કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટીના હિતમાંપ્રકાશિત કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/કાઈ/બી–૪/ ૪૦૭૦–૭૮ /૨૦૨૦
તા. ૨૯.૦૬.૨૦૨૦

કાર્યપાલક ઈજનેર અને સભ્ય સચિવ
મકાન ફાળવણી સમિતી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ સવિનય રવાનાઃ
૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.
૨. સંશોધન નિયામક અને અધ્યક્ષશ્રી, મકાન ફાળવણી સમિતી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.
૩. મકાન ફાળવણી સમિતીના તમામ સભ્યશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.